નવેમ્બર-૨૦૧૬, અંક નં. ૧૩
ઈ-ન્યુઝલેટર

# સ્માર્ટ રાજકોટ

## આ અંકની હાઈલાઈટસ

- ન્યુ રાજકોટમાં ૨૪ કલાક પાણી મળશે : એશિયન ડેવલપમેન્ટ બેન્કે મહાપાલિકાનો પ્રોજેક્ટ મંજૂર કરતાં રૂા.૩૦૦ કરોડ મળશે.
- 'સેવા સેતુ' કાર્યક્રમ 'સેવારૂપી સેતુ' બન્યો.
- રેસકોર્ષ લોકમેળા મેદાનમાં શાનદાર બ્યુટિફિકેશન થશે
- શાક માર્કેટોમાં કેશ લેસ નાણાકીય વ્યવહાર શરૂ કરાવતી મહાનગરપાલિકા : કમિશનરશ્રી બંછાનિધિ પાનીની ઉપસ્થિતિમાં ખરીદીનું નિદર્શન કરાયું.

રાજકોટ મહાનગરપાલિકા, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : ૦૨૮૧-૨૨૨૪૧૩૩, ફેકસ : ૦૨૮૧-૨૨૨૪૨૫૮

## નર્મદા આવે આજી, રાજકોટવાસીઓ રાજી.

# સૌની યોજના



## હવે આજી દર વર્ષે છલકાશે

**મચ્છુ-૧ થી રાજકોટના આજી-૧ જળાશય સુધીની નર્મદાના નીરની પાઇપ લાઇનના રૂા.૪૩૨ કરોડનો ખર્ચ ધરાવતા પ્રોજેકટનું ગુજરાત રાજયના માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે**

# ખાતમુહૂર્ત



ગુજરાત સરકારશ્રીની અત્યંત મહત્વપૂર્ણ એવી 'સૌની યોજના' હેઠળ રાજકોટના આજી-૧ ડેમને આગામી ચોમાસા પહેલા જ નર્મદાના નીરથી છલકાવી દેવાના નિર્ધાર સાથે રાજય સરકારે રૂા.૩૮૫ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવનાર મચ્છુ-૧ ડેમથી આજી-૧ ડેમ સુધીની પાઇપ લાઇનના પ્રોજેકટનું તા. ૨-૧૨-૨૦૧૬ના રોજ ગુજરાતના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાપણીના વરદ હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ હતું. આમ તો આ પ્રોજેકટનું કામ પુરૂ કરવા માટે ૧૮ માસનો સમય મુકરર કરવામાં આવેલ છે. પરંતુ, રાજય સરકારશ્રીના સહયોગથી આ કામ યુદ્ધના ધોરણે આગામી પાંચ માસમાં પૂર્ણ કરવા પ્રયાસ કરવામાં આવશે. સંભવતઃ આગામી ચોમાસા પૂર્વે આજી-૧ જળાશયને નર્મદા નીરથી છલકાવી દેવાની નેમ છે.

આ પ્રસંગે મંત્રીશ્રી જયેશભાઇ રાદડીયા, શ્રી નાનુભાઇ વાનાણી, ગુજરાત મ્યુનિ. ફાઇનાન્સ બોર્ડના ચેરમેનશ્રી ધનસુખભાઇ ભંડેરી, મેયરશ્રી ડૉ. જૈમન ઉપાધ્યાય, ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઇ મીરાણી, શહેર ભાજપ પૂર્વ પ્રમુ નીતિનભાઇ ભારદ્વાજ, પૂર્વ મેયરશ્રી ઉદયભાઇ કાનગડ તથા શ્રી રાજુભાઇ ધ્રુવ, શ્રી ડૉ.વલ્લભભાઇ કથીરીયા સહિતના અકિરીઓ-પદાધિકારીઓ તથા મુખ્યમંત્રીશ્રીનું કુમ કુમ તીલકથી સ્વાગત કરવામાં આવ્યું હતું. હજારોની મેદની તસ્વીરમાં નજરે પડે છે.

રાજકોટના જીવાદોરી ગણાતા આજી-૧ ડેમમાં નર્મદા નીર ઠાલવવાની યોજનાનો પ્રારંભ આજે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈને હસ્તે થયો છે. સૌની યોજના હેઠળ મચ્છુ-૧ થી આજી (૧) સુધીની પાઈપલાઈન ૩૮૫ કરોડના ખર્ચે નાંખી મે મહિનામાં ડેમમાં નર્મદાનીર ઠાલવવાનું શરૂ થશે. આ કાર્યક્રમમાં મંત્રીશ્રી જયેશભાઇ રાદડીયા, શ્રી નાનુભાઇ વાનાણી સહિતના મંત્રીઓ, અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમમાં શહેરીજનો ઉમટી પડયા હતા.

આ તકે પ્રાસંગિક ઉદ્બોધનમાં માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ લાગણીના સ્વરે જણાવ્યું હતું કે, રાજકોટનો વતની હોવાને કારણે આ શહેરની પાણીની સમસ્યાને મે જાતે અનુભવી છે અને મ્યુનિ. કોર્પોરેશનમાં કોર્પોરેટર તરીકે તથા પદાધિકારી તરીકે રાજકોટવાસી-ઓને ભૂતકાળમાં દુષ્કાળ વખતે પાણી માટે અનેક મુશ્કેલીઓ સહન કરી છે. ટ્રેનથી પાણી અપાયું છે, ટેન્કરથી પાણી વખતે બેડા યુધ્ધ સ્થિતિ હતી.

આ બધી મુશ્કેલીઓ વચ્ચે ૧૯૮૪માં ભાદરથી પાઈપલાઈન નાંખી તત્કાલીન મેયરશ્રી વજુભાઇ વાળાએ રાજકોટને પાણી પુરૂ પાડયું હતું. હાલમાં પણ બે વર્ષથી આજી-ન્યારી ડેમોમાં પાણી ઓછું છે ત્યારે રાજયની સરકાર દ્વારા નર્મદા પાઈપલાઈન યોજનાથી રોજ પાણી વિતરણ થાય છે. આમ, રાજકોટ ઉપર નપાણીયા શહેરનું જે મેણુ હતું તે હવે ભૂતકાળ બની જશે. કેમ કે, ૨૫ ડિસેમ્બર ૨૦૧૨નાં રોજ તત્કાલીન મુખ્યમંત્રી અને હાલનાં વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ રાજકોટની ધરતી ઉપર જ સૌની યોજનાથી સૌરાષ્ટ્રનાં ડેમો ભરી દેવાની જાહેરાત કરી હતી અને ૧૭ ફેબ્રુઆરી ૨૦૧૪માં આ યોજનાનું ખાતમુહુર્ત થઇ ગયું એટલું જ નહી મે ૭ ઓગષ્ટ ૨૦૧૬નાં રોજ ગુજરાતનું મુખ્યમંત્રી પદ સંભાળ્યું અને ૩૦ ઓગષ્ટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના હસ્તે જ સૌરાષ્ટ્રની ધરતી ઉપર સૌની યોજના હેઠળ ડેમો છલકાવાની યોજના કાર્યાન્વીત કરી નર્મદામૈયાનું અવતરણ થયું.

માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ વિસ્તૃત માહિતી આપતા જણવેલ કે, સૌની યોજનાની લીંક-૩ હેઠળ મચ્છુ-૧ થી રાજકોટ સુધી યુદ્ધના ધોરણે પાઈપલાઈન નાંખી અને આજી-૧ ડેમ છલકાવી દેવાનું કામ હાથ પર લેવાયુ ૯૦ દિવસના ટુંકાગાળામાં ટેન્ડરોની પ્રક્રિયા પૂર્ણ કરી અને આજે આ પાઈપલાઈનનું ખાતમુહુર્ત થયું છે અને આજથી પાંચ મહીનામાં જ આ કામ પૂર્ણ કરી મે મહીનામાં રોજનું ૩૦ એમ.સી.એફ.ટી. પાણી આજીમાં ઠાલવી ૨૫ દિવસમાં જ આજી-૧ ડેમ કે જે હાલમાં તળીયા ઝાટક છે તેને નર્મદા નીરથી છલકાવી દેવાશે.

વિશેષમાં લોકોની લાગણી ઝીલતા જણાવેલ, આજી-૧ છલકાય એટલે રાજકોટવાસીઓના હૈયા છલકાય ૧૦-૧૨ વર્ષે માંડ એક વખત ઓવરફલો થતો આજી ડેમ










# 'સૌની યોજના' હેઠળ મચ્છુ-૧ ડેમથી રાજકોટના આજી-૧ ડેમ સુધીની પાઈપલાઈનનું કામ પાંચ માસમાં પૂર્ણ કરવાનો ધ્યેય

હવે દર ચોમાસે નર્મદાનીરથી છલકાઇ જશે. તેવો પાણીદાર વિશ્વાસ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ આ તકે વ્યકત કર્યો હતો. જેને સૌએ વધાવી લીધો હતો.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ સૌની યોજના અંતર્ગત આજી-૧ ડેમને નર્મદાના પાણીથી ભરવાની મચ્છુ-૧ થી આજી-૧ ડેમ સુધીની પાણીની પાઇપલાઇન બિછાવવાના કામનું રીમોટ કંટ્રોલ વડે ડીજીટલ તકતીથી અનાવરણ કર્યું હતું. રાજકોટના અગ્રણી નાગરિકો, વિવિધ સંસ્થાઓ તથા જિલ્લા વહીવટી તંત્ર તરફથી મુખ્યમંત્રીશ્રીનું સ્મૃતિચિન્હ વડે બહુમાન કરાયું.

જળસંપત્તિ મંત્રીશ્રી નાનુભાઇ વાનાણીએ રાજકોટની જનતાને ધરપત આપી હતી કે, તેમની પાણીની અછત હવે ભૂતકાળ બની જશે. સૌની યોજનાનો ટુંકો ચિતાર આપતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આજી ડેમમાં નર્મદાનું રોજનું ૩ કરોડ ઘન ફુટ પાણી આવશે, જેનાથી રાજકોટની પ્રજાને પુરતું પીવાનું પાણી મળશે. સાથે અન્ય જળાશય પણ ભરાશે. તેમ તેમણે જણાવ્યું હતું.

મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાયે રાજકોટ શહેરની પીવાના પાણીની પરિસ્થિતિની ચિંતા કરવા બદલ મુખ્યમંત્રીશ્રી પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી હતી. તથા શહેરના વિકાસ માટે મહાનગર--પાલિકા દ્વારા કરાઈ રહેલા કામોની સંક્ષિપ્ત વિગતો રજુ કરી હતી.

નર્મદાષ્ટકમ સ્ત્રોત અને પ્રાર્થનાથી કાર્યક્રમનો શુભારંભ થયા બાદ આમંત્રિતોના હસ્તે દિપ પ્રાગટય વિધિ સંપન્ન થઇ હતી. જળસંપત્તિ વિભાગના સચિવશ્રી એમ. કે. જાદવે સ્વાગત પ્રવચનમાં કાર્યક્રમની રૂપરેખા આપી હતી. મુખ્યમંત્રીશ્રી તથા ઉપસ્થિત મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરાયું હતું. સૌની યોજના અંગેના ડોકયુમેન્ટ્રીનું આ પ્રસંગે પ્રસારણ કરાયું હતું. કાર્યક્રમના સમાપનમાં મહાનગરપાલિકા કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ આભાર દર્શન કર્યું હતું.

આ કાર્યક્રમમાં ગુજરાત મ્યુનિ. ફાઇનાન્સ બોર્ડના અધ્યક્ષ શ્રી ધનસુખભાઇ ભંડેરી, ગૌસેવા આયોગના અધ્યક્ષ શ્રી ડૉ. વલ્લભભાઇ કથીરિયા, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ઉપાધ્યક્ષ શ્રી રાજુભાઇ ધ્રુવ, ધારાસભ્ય શ્રી પ્રવિણભાઇ માંકડીયા, શ્રી ગોવિંદભાઇ પટેલ, શ્રી બાવનજીભાઇ મેતલિયા અને શ્રી ભાનુબેન બાબરિયા, ડેપ્યુટી મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, સ્ટે. કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઇ મીરાણી, અગ્રણીશ્રી નીતિનભાઇ ભારદ્વાજ, અધિક સચિવશ્રી એમ. પી. રાવલ, પી.જી.વી.સી.એલ. ના મેનેજીંગ ડિરેકટરશ્રી સુથાર, કલેકટરશ્રી ડૉ. વિક્રાંત પાંડે, જીલ્લા વિકાસ અધિકારીશ્રી જી. ટી. પંડયા, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી જે. એન. વાઘેલા, અધિક્ષક ઇજનેર એચ. યુ. કલ્યાણી, પ્રાંત અધિકારી પી. એમ. ડોબરિયા, વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ તથા મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહયા હતા.

રાજકોટની જીવાદોરી સમાન આજી ડેમનું તથા ફિલ્ટર પ્લાન્ટનું બાંધકામ સૌરાષ્ટ્ર રાજયના કાર્યકાળ દરમ્યાન વર્ષ ૧૯૫૮માં કરવામાં આવેલ. જેની કુલ સંગ્રહ ક્ષમતા ૯૩૩ એમ.સી.એફ.ટી. હાલમાં છે. આજી ડેમની મહત્તમ જ સપાટી ૨૯ ફુટ છે.

> **આજથી પાંચ મહીનામાં જ આ પાઈપલાઈનનું કામ પૂર્ણ કરી મે મહીનામાં રોજનું ૩૦ એમ.સી.એફ.ટી. પાણી હાલમાં તળીયા ઝાટક આજી-૧ ડેમમાં ઠાલવી ૨૫ દિવસમાં તેને નર્મદા નીરથી છલકાવી દેવાશે. આજી-૧ છલકાય એટલે રાજકોટવાસીઓના હૈયા છલકાય ૧૦-૧૨ વર્ષે માંડ એક વખત ઓવરફલો થતો આજી ડેમ હવે દર ચોમાસે નર્મદા નીરથી છલકાશે.**
>
> **- શ્રી વિજયભાઇ રૂપાણી**
> **માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજય**

વિશેષમાં મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાયએ એમ કહ્યું હતું કે, પાંચ માસમાં પૂર્ણ કર્યા બાદ ટ્રાયલ રજ શરૂ કરી દેવામાં આવશે. રાજકોટના લોકોની પ્રકૃતિ એવી છે કે, શહેરના અન્ય તમામ ડેમો ભરાઇ ગયા હોય છતાં પણ જયાં સુધી આજી-૧ ડેમ ઓવરફલોના થાય ત્યાં સુધી તેઓ રાજી થતા નથી. આપણે જાણીએ છીએ કે, આજી-૧ ડેમ ૩૯ વર્ષમાં ૧૧ વખત ઓવરફલો થયો છે. મચ્છુ-૧ ડેમથી રાજકોટ પાસેના ત્રંબા (કસ્તુરબાધામ) ગામ સુધી પાઇપ લાઇનથી પાણી આવશે અને ત્યાંથી પછી ચોમાસાનું વરસાદી પાણી જે પ્રાકૃતિક રસ્તે વહેં છે તે વહેણમાં નર્મદાનું પાણી છોડી આજી-૧ ડેમમાં પહોંચાડવામાં આવશે. માત્ર એટલું જ નહી, નર્મદના નીર આજી-૧ ઉપરાંત લાલપરી અને આજી-રમાં ઠાલવવાનું પણ આયોજન છે.

વિશેષમાં એવી ઘોષણા કરવામાં આવી હતી કે, નર્મદા નીર લાવનારી ૧૦ ફૂટની પાઇપલાઇનનું કામ મચ્છુ-૧ ખાતેથી તેમજ બીજા છેડે આજી-૧ ડેમ ખાતેથી એમ બન્ને છેડેથી કામ શરૂ કરવામાં આવનાર છે. આ પાઇપલાઇનની ક્ષમતા મુજબ ૨૫ દિવસમાં આજી-૧ જળાશય ૭૫ ટકા સુધી પાણીથી ભરાઇ શકે છે.

આ ઉપરાંત મેયરશ્રી, કમિશનરશ્રી અને કલેકટરશ્રીએ વિશે વિગતો આપતા કહ્યું હતું કે, રાજકોટ શહેરની પાણીની સમસ્યા હલ થાય તે માટે રાજય સરકાર અને રાજયના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી સતત ચિંતિત છે આ માટે 'સૌની યોજના' હેઠળ રાજકોટ શહેરનો આજી-૧ ડેમ ભરાય તે માટે તાત્કાલિક ધોરણે એસ્ટીમેટ, ટેન્ડર પ્રક્રિયા વિગેરે ટૂંકા ગાળામાં પૂર્ણ કરેલ. સૌની યોજના હેઠળ મચ્છુ-૧ ડેમથી કુવાડવા થી ત્રંબા અને આજી-૧ ડેમ માટે રૂા.૪૩૧ કરોડના ખર્ચે ૩૧ કી.મી. પાઈપલાઈન નાખવા માટે ટેન્ડરો પ્રસિદ્ધ કરાયેલ. જે ૧૦ ટકા નીચા ભાવે મંજુર થતા હવે રૂા.૩૮૫ કરોડના ખર્ચે કામ પૂર્ણ થશે. આ પાઈપલાઈન ૩ મી. વ્યાસની હશે. રાજકોટ શહેર ઉપરાંત જુદા જુદા ગામડાઓની ૭ થી ૮ લાખ વસ્તીને આનો લાભ મળશે. આ કામગીરી ૧૮ માસમાં પૂર્ણ કરવાનો સમય આપવામાં આવ્યો છે. પરંતુ આ કામ બન્ને બાજુથી શરૂ થનાર હોય પાંચ માસમાં જ કામ પૂર્ણ કરાશે તેવો આશાવાદ કમિશનર શ્રી તથા મેયર શ્રીએ વ્યકત કર્યો હતો. પાઈપલાઈન નો અંત કસ્તુરબા ધામ આજી-૧ પાસે થશે આ યોજનાથી ડેમી-૧, લાલપરી, આજી-૧, આજી-૨ લાભિત થશે. તેમજ ૭૬૩૩ હેકટર જમીનનો લાભ મળશે.

રાજકોટની જીવાદોરી સમાન આજી ડેમનું તથા ફિલ્ટર પ્લાન્ટનું બાંધકામ સૌરાષ્ટ્ર રાજયના કાર્યકાળ દરમ્યાન વર્ષ ૧૯૫૮માં કરવામાં આવેલ. જેની કુલ સંગ્રહ ક્ષમતા ૯૩૩ એમ.સી.એફ.ટી. હાલમાં છે. આજી ડેમની મહત્તમ જળ સપાટી ૨૯ ફુટ છે. આજી ડેમ વર્ષ ૧૯૭૭ થી વર્ષ ૨૦૧૬ દરમ્યાન ૧૧ વખત ઓવરફલો થયેલ છે. આમ ડેમની છલકાવાની શકયતા હાલમાં ૨૮ ટકા થાય છે. શહેરની પાણી પૂરવઠા વ્યવસ્થા આજી, ન્યારી, ભાદર તથા નર્મદા પાઈપલાઈન આધારીત છે. સામાન્ય વર્ષમાં સ્થાનિક જળાશયોમાં પર્યાપ્ત પાણીની આવક થાય (સંપૂર્ણપણે ભરાય) તે સંજોગોમાં આજીમાંથી ૪૫ એમ.એલ.ડી. પાણી આખુ વર્ષ ઉપાડવામાં આવે છે અને બાકીનો ૧૪૦ એમ.એલ.ડી. જથ્થો નર્મદામાંથી રાજકોટ શહેરના બે અલગ અલગ ઓફટેક આજી-૭૫ એમ.એલ. ડી., ન્યારા (રૈયાધાર)-૬૫ એમ.એલ.ડી. ખાતે મેવવામાં આવે છે. આજી ફિલ્ટર પ્લાન્ટની હયાત મહત્તમ ક્ષમતા ૧૧૫ એમ.એલ.ડી. છે જે શહેરની પ્રવર્તમાન વસ્તીના અંદાજીત ૪૦ ટકાને દૈનિક પાણી પુરુ પાડે છે.

મચ્છુ-૧ ડેમ થી આજી ડેમ-૧ સુધીની પાઈપલાઈન નાખવાથી જે ૧૪ ગામોને લાભ મળશે તેમાં ઘીયાવડ તા. વાંકાનેર, પીપરડી તા. વાંકાનેર, ખાખરા તા. વાંકાનેર, રામપર (સુર્યા), જીયાણા, રામપરા, કુવાડવા, તરઘડીયા, હેબચડા, ખેરડી, ગઢડા, ત્રંબાનો સમાવેશ થાય છે. ત્રંબા ગામથી આજી નદીની શાખા મારફત પાણી આજી-૧ બંધ સુધી પહોંચશે. ઉપરાંત આજી-૧ બંધમાંથી નદી મારફત આજી-૨ જળાશય અને પાઈપલાઈનથી પથરેખામાં આવતા લાલપરી તેમજ ડેમી-૧ જળાશયમાં પાણી ભરી શકાશે.

સ્માર્ટ રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકા, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ-૩૬૦૦૦૧.    નવેમ્બર-૨૦૧૬



# ન્યુ રાજકોટમાં ૨૪ કલાક પાણી મળશે

## એશિયન ડેવલપમેન્ટ બેન્કે મહાપાલિકાનો પ્રોજેક્ટ મંજૂર કરતાં રૂા.૩૦૦ કરોડ મળશે

આગામી દિવસોમાં રાજકોટ મહાનગરપાલિકાનાં ન્યારી વોટર વર્કસ ઝોન હેઠળના વિસ્તારોમાં ૨૪ કલાક પાણી વિતરણ કરવામાં આવશે અને ઘરે-ઘરે પાણીના મીટર મુકવામાં આવશે. હાલ મહાનગરપાલિકા દ્વારા જેટલું પાણી અપાય છે તેટલું પાણી તો વર્તમાન ટેક્સ દર મુજબ મળશે જ પરંતુ જો તેથી વધુ પાણીનો વપરાશ થશે તો તેના પર પ્રતિ વોટર યુનિટ દીઠ આગામી દિવસોમાં નક્કી કરવામાં આવે તે મુજબનો ચાર્જ વસૂલવામાં આવશે.

મ્યુનિ. કમિશનર બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું કે, મહાપાલિકાના વોટર સપ્લાય મેનેજમેન્ટ સિસ્ટમ રિપ્લેસમેન્ટના પ્રોજેકટ માટે એશિયન ડેવલપમેન્ટ બેન્કે તાજેતરમાં રૂા.૩૦૦ કરોડ મંજૂર કરતાં ટૂંક સમયમાં આ પ્રોજેકટ શરૂ કરવામાં આવશે.

વિશેષમાં મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું કે, વેસ્ટ ઝોન હેઠળના ન્યુ રાજકોટ વિસ્તારમાં ન્યારી વોટર વર્કસ ઝોન હેઠળ આધારિત વોર્ડ નં. ૧, ૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨ સહિતના વોર્ડમાં ૨૪ કલાક પાણી વિતરણનો પાયલોટ પ્રોજેકટ અમલી બનાવવામાં આવશે. આ પ્રોજેકટ સૌપ્રથમ રાજ્ય સરકારમાં મોકલવામાં આવ્યો હતો ત્યાંથી મંજૂર થતાં કેન્દ્ર સરકારમાં મોકલવામાં આવ્યો હતો. કેન્દ્ર સરકારમાંથી સૌ પ્રથમ શહેરી વિકાસ વિભાગમાં અને ત્યારબાદ નાણાંમંત્રાલયના ડિપાર્ટમેન્ટ ઓફ

## મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની દ્વારા સત્તાવાર જાહેરાત :



"ન્યારી ઝોન હેઠળના વિસ્તારમાં તમામ પાઈપલાન બદલાશેઃ ઘરે-ઘરે મીટર મુકાશેઃ હાલ અપાય છે તેટલું પાણી ફ્રી મળશે, વધુ પાણી પર વપરાશ મુજબ ચાર્જ વસૂલાશે"

ઈકોનોમિક અફેર્સમાં મોકલાયો હતો ત્યાંથી પણ પ્રોજેકટને લીલી ઝંડી આપવામાં આવી હતી. રાજ્ય અને કેન્દ્ર સરકારમાંથી પ્રોજેકટ મંજૂર થયા બાદ એશિયન ડેવલપમેન્ટ બેન્ક સમક્ષ રજૂ કરાયો હતો અને તાજેતરમાં આ પ્રોજેકટ માટે એડીબીએ રૂા.૩૦૦ કરોડ ફાળવવાનું મંજૂર કરેલ છે.

ઉપરોકત પ્રોજેકટ પેટે રાજકોટને રૂા.૩૦૦ કરોડ મળશે અને તે રકમમાંથી ન્યારી ઝોન હેઠળના ઉપરોકત મુજબના તમામ વોર્ડમાં રહેલું વર્ષો જૂનું પાઇપલાઇન નેટવર્ક બદલવામાં આવશે. હયાત પાઇપલાઇન અંદાજે ૩૦ થી ૪૦ વર્ષ જૂની છે તે દૂર કરીને તેના સ્થાને ડીઆઇ પાઇપલાઇન એટલે કે લીકેજ ન થાય અને તેમાં પંચર પાડીને ગેરકાયદે નળ જોડાણો ન લઇ શકાય તેવી પાઇપલાઇન નાખવામાં આવશે. હયાત ડાયામીટર કરતાં નાની સાઇઝના ડાયામીટર પાઇપલાઇન નખાશે અને દરેક ઘરમાં સમાન ફોર્સથી પાણી મળે તે માટે ખાસ ટેકનીકલ તૈયારી રાખવામાં આવશે.

પાઇપલાઇન નેટવર્ક બદલ્યા બાદ દરેક ઘરમાં કાયમી ધોરણે ૨૪ કલાક પાણી મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવશે અને આ સાથે જ દરેક ઘરમાં પાણીના મીટર પણ મુકવામાં આવશે. નિયત કરેલ મર્યાદા મુજબના વપરાશ પર વર્તમાન દર મુજબ નિયત માત્રામાં વોટર ચાર્જ વસૂલાશે અને જો તેથી વધુ પાણીનો વપરાશ કરે તો તેના પર વોટર યુનિટ મુજબનો ચાર્જ વસૂલવામાં આવશે.

મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીના જણાવ્યા મુજબ ન્યારી ડેમ-૧ માંથી વોર્ડ નં. ૧,૮,૯,૧૦,૧૧ તથા ૧૨માં પાણી વિતરણનું નેટવર્ક છે જે અંદાજે ૪૦ વર્ષ જુનુ છે અને વિતરણની પાઇપલાઇનો પણ મોટી છે. જેને કારણે અવાર-નવાર પાણી લીકેજ, લાઇનો તૂટવાના બનાવોથી વિતરણ ડીસ્ટર્બ થાય છે તથા પાણી વિતરણ પણ વધારે-ઓછું થતું હોવાની ફરીયાદો ઉઠવા પામે છે.

આથી સૌ પ્રથમ મોટી ૪ એમ.એમ.ની પાઇપલાઇન બદલાવી નવી નાની સાઇઝની ડી.આઇ. પાઇપલાઇનનું નેટવર્ક ઉભુ કરાશે.

ત્યારબાદ આ નેટવર્ક હેઠળનાં ૧ લાખના નળ કનેકશનોમાં વોટર મીટર મૂકી અન ૨૪ કલાક પાણ વિતરણ શરૂ કરાશે. જેનાથી ૪ાા લાખની વસ્તીને ૨૪ કલાક પાણીની સુવિધા મીટર ચાર્જ મુજબ મળશે.

નોંધનિય છે કે, હાલમાં ૨૦ મીનીટ પાણી માટે વર્ષ રૂા.૮૪૦નો પાણી વેરો છે. આ મુજબ પાણીની ટાઇમથી ૨૦ મીનીટ પાણી આપશે પરંતુ ત્યારબાદ પાણી વાપરનારને મીટર મુજબ વોટર ચાર્જ લાગશે.

આ સમગ્ર પ્રોજેકટની સફળતા માટે મ્યુનિ. કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ સિટી ઇજનેરશ્રી ભાવેશભાઇ જોષી અને તેમની વોટરવર્કસ ટીમ જહેમત ઉઠાવી રહેલ છે.

### ન્યારી ઝોન હેઠની ૪૦ વર્ષ જૂની પાઈપલાઈન બદલાશેઃ લીકેજની સમસ્યા ભૂતકાળ બની જશે

વેસ્ટઝોનમાં પાણી વિતરણના ન્યારી ઝોન હેઠળ આવતાં તમામ વોર્ડની અંદાજે ૩૦ થી ૪૦ વર્ષ જૂની પાઇપલાઇનો આવારનવાર તૂટતી હોય અને તેના કારણે પાણીનો સૌથી વધુ વેડફાટ થતો હોવાનું તંત્રના ધ્યાન પર આવ્યું છે આથી પ્રોજેકટ અંતર્ગતની રકમ મતાની સાથે સૌપ્રથમ ૪૦ વર્ષ જૂની પાઇપલાઇન બદલવાનું કામ હાથ પર લેવાશે. પાઇપલાઇન ડીઆઇ પ્રકારની રહેશે જે કયારેય લીક નહી થાય અને તેમાં પંચર પાડીને ભૂતિયા નળજોડાણો લેવા મુશ્કેલ બની રહેશે અથવા કોઇ ભૂતિયા નળ જોડાણ લેશે તો તે શોધી કાઢવા ખૂબ સરળ બનશે

### ન્યુ રાજકોટના એક લાખ નળ કનેકશન પર મીટર મુકાશે : ૪.૫૦ લાખ શહેરીજનોને ૨૪ કલાક પાણી મળી રહેશે



એશિયન ડેવલપમેન્ટ બેન્કે તાજેતરમાં રૂા.૩૦૦ કરોડ મંજૂર કરતાં ન્યુ રાજકોટની ન્યારી ઝોનમાં ૨૪ કલાક પાણી વિતરણનો પ્રોજેકટ સાકાર કરવાની દિશામાં ઉજળા સંજોગો નિર્માણ થાય છે ત્યારે આ પ્રોજેકટનો લાભ વર્તમાન નવી વોર્ડ રચના મુજબના વોર્ડ નં. ૧, ૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨ને મળશે. આ વોર્ડના મુખ્ય વિસ્તારોમાં કાલાવડ રોડ, ૧૫૦ ફૂટ રિંગ રોડ, યુનિવર્સિટી રોડ, અમીન માર્ગ, મવડી, ચંદ્રેશનગર વિગેરેનો સમાવેશ થાય છે. ન્યુ રાજકોટમાં કુલ ૧ લાખ નળ કનેકશન છે. આ તમામ નળ કનેકશન પર મીટર મુકવામાં આવશે અને ત્યારબાદ ૨૪ કલાક પાણી આપવામાં આવશે. અંદાજે ૪.૫૦ લાખ શહેરીજનોને ૨૪ કલાક પાણીની સુવિધાનો લાભ મળશે.

**ન્યારી ઝોનના વોર્ડ નં.૧,૮,૯,૧૦,૧૧ અને ૧૨ને મળશે લાભ**

### હાલ બાંગ્લાદેશના ઢાકા શહેર અને ફિલિપીન્સના મનીલામાં ૨૪ કલાક પાણી વિતરણ અને ઘરે-ઘરે મીટર છે

મ્યુનિ. કમિશનર પાનીને કહ્યું હતું કે, એશિયન ડેવલપમેન્ટ બેન્ક દ્વારા અગાઉ બાંગ્લાદેશ અને ફિલિપીન્સને આ પ્રકારના પ્રોજેકટ માટે સહાયમાંથી બાંગ્લાદેશ તેની રાજધાની ધાકા તેની રાજધાની ધાકા શહેર અને ફિલિપીન્સે મનીલા શહેરમાં વોટર સિસ્ટમ પર રિપ્લેસમેન્ટનો પ્રોજેકટ હાથ ધર્યો હતો તે ખુબ જ સફળ રહયો છે અને હાલ ત્યાં આગળ ૨જ કલાક પાણી વિતરણ તેમજ ઘરે ઘરે પાણીના મીટર છે. રાજકોટ પણ આ જ દિશામાં આગ ધપવા જઇ રહયું છે.

સ્માર્ટ રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકા, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ-૩૬૦૦૦૧. નવેમ્બર-૨૦૧૬





**લોકો અને તંત્રને વધુ નજીક લાવતું ઉમદા અભિયાન**

# ‘સેવા સેતુ’ કાર્યક્રમ ‘સેવારૂપી સેતુ’ બન્યો

રાજ્ય સરકારશ્રી અને રાજકોટ મહાનગરપાલિકાનાં જુદા જુદા વિભાગો સંબંધીત પ્રશ્નોનો સ્થળ પર જ નિકાલ કરવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરનાં પૂર્વ ઝોનમાં આવેલ વોર્ડ નં. ૫માં તા. ૫-૧૨-૨૦૧૬ના રોજ સવારે ૧૦ કલાકથી સાંજના ૫ કલાક સુધી શ્રી અટલ બિહારી વાજપેયી ઓડિટોરિયમ, પેડક રોડ ખાતે યોજાયેલ ‘‘સેવા સેતુ’’ કાર્યક્રમમાં સવારથી જ મોટી સંખ્યામાં ઉમટી પડેલા લોકોની જે તે કામ માટેની અરજીનો તત્કાલ નિકાલ લાવવામાં આવ્યો હતો. રાજકોટ મહાનગર--પાલિકાના કમિશનરશ્રી બંછાનિધિ પાનીના માર્ગદર્શન હેઠળ નાયબ કમિશનર શ્રી પી. પી. વ્યાસના સતત નિરીક્ષણ હેઠળ થઇ રહેલી કામગીરીમાં જે જે કિસ્સાઓમાં શકય બની શકયું હતું તેમાં સંખ્યાબંધ અરજદારોની અરજીઓ પર તત્કાલ કાર્યવાહી હાથ ધરી આવી અરજીઓનો ઓન ધ સ્પોટ નિકાલ લાવવામાં આવ્યો હતો.

રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા માં અમૃતમ કાર્ડ યોજના, ઉપરાંત પ્રધાનમંત્રી જન ધન બેન્ક ખાતા સ્કીમ, તેમજ આધાર કાર્ડ અંગેની અરજી પર સ્થ પર જ કામગીરી જ પૂર્ણ કરવામાં આવી રહી છે. સાંજ ૫ કલાક સુધીમાં કુલ ૧૨૦૦ અરજીઓ પૈકી ૯૩૭ અરજદારોના પ્રશ્નોનો હકારાત્મક નિકાલ થયેલ. જયારે ૧૬૧ અરજીઓના નિકાલ માટે ૧૫ દિવસની મુદત રાખવામાં આવેલ છે. જયારે ૧૦૨ અરજીઓનો નકારાત્મક નિકાલ કરાયો હતો. આ અરજદારો એવા હતાં કે જેઓ નિયમાનુસાર પાત્રતા ધરાવતા નહોતા.

મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીના જણાવ્યા અનુસાર, આ કાર્યક્રમમાં આ તો બપોરે ૨ કલાક સુધી અરજી જ સ્વીકારવામાં આવનાર હતી, અને બપોર બાદ એ અરજી પર કાર્યવાહી થનાર હતી પરંતુ જે અરજીના કિસ્સામાં શકય હોય તેમાં અરજી રજુ થતાની સાથે જ સ્થળ પર જ તેનો નિકાલ લાવવામાં આવી રહયો છે જેના લીધે અરજદારે ખુશ થઇ સંતોષની લાગણી વ્યકત કરતા હતાં.

આ પૂર્વે પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ તથા પૂર્વ શહેરી વિકાસ મંત્રીશ્રી આઇ. કે. જાડેજા, પૂર્વ મંત્રી શ્રી ગોવિંદભાઇ પટેલ, ધારાસભ્યશ્રી ભાનુબેન બાબરીયા, શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઇ મીરાણી, મેયરશ્રી ડૉ. જૈમનભાઇ ઉપાધ્યાય, પૂર્વ શહેર ભાજપ પ્રમુખ શ્રી નીતિનભાઇ ભારદ્વાજ, ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, સ્ટે. કમિટી ચેરમેન શ્રી પુષ્કરભાઇ પટેલ, શાસકપક્ષ નેતા અરવિંદભાઇ રૈયાણી, શહેર ભાજપ મહામંત્રીશ્રી કિશોરભાઇ રાઠોડ, મંત્રીશ્રી કલ્પનાબેન કિયાડા, વોર્ડ નં. ૫ના પ્રભારીશ્રી બાબુભાઇ ઉઘરેજા, પ્રમુખશ્રી દિલીપભાઇ લુણાગરીયા, મહામંત્રીશ્રી પ્રભાતભાઇ કુગસીયા તથા મુકેશભાઇ ધનસોત, કોર્પોરેટરશ્રી અનિલભાઇ રાઠોડ, દક્ષાબેન ભેસાણીયા, પ્રીતીબેન પનારા, દેવુબેન જાદવ, અશ્વિનભાઇ મોલીયા, જાગૃતિબેન ઘાડીયા, દલસુખભાઇ જાગાણી, વિજયાબેન વાછાણી, પ્રાંત અધિકારી ડોબરિયા, ડે. કમિશનર હાલાણી, વ્યાસ તથા નંદાણી સહિત બહોળી સંખ્યામાં વિસ્તારવાસીઓ ઉપસ્થિત રહયા હતા.

આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિતિ રહેલ ગુજરાતનાં પૂર્વ શહેરી વિકાસ મંત્રીશ્રી આઇ. કે. જાડેજાએ જણાવેલ કે, રાજય સરકારનાં પારદર્શક સંવેદનશીલ વહીવટીતંત્રને પ્રજાલક્ષી બનાવવાના હેતુસર શહેરનાં નાગરિકોને વ્યકિતગત રજુઆતો કે જે રાજય સરકાર તથા રાજકોટ મહાનગરપાલિકાનાં યોજના ઓ સંબંધી પ્રશ્નોનો સ્થળ પર નિકાલ થાય તે હેતુથી સરકાર મહાનગર--પાલિકા દ્વારા સંયુકતરૂપે આયોજન કરાયું છે. રાજકોટ શહેરનું ઘણા વર્ષોનું સમયસર અને પૂરતા પાણીનું સ્વપ્ન હતું. આ ભૂમિના સપૂત અને રાજયનાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા સૌની યોજનાથી સાકાર કરાયું છે. રાજકોટ વાસીઓ માટે આ એક અવિસ્મરણીય અને ઐતિહાસિક ઘટના છે. રાજકોટનાં લોકોએ તેમણે ચુંટયા તો અભિનંદનને પાત્ર છે. સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત સમગ્ર ગુજરાતનું ૩૨% અને દક્ષિણ ગુજરાત ૬૮% પાણી ધરાવે છે. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ દીર્ઘ દ્રષ્ટિ વાપરી સમગ્ર ગુજરાતનો સદુપયોગ કરવા સૌની યોજનાનો પ્રારંભ કર્યો અને પ્રધાનમંત્રી તરીકે તે ખુલ્લી મૂકી આયોજના કારણે પાણીનો દુકાળ એ ભૂતકાળ બની ગયો છે વિજયભાઇ રૂપાણીએ ગુજરાતના વિકાસની જવાબદારી સાથે પારદર્શિતા અને સંવેદનશીલતાથી કામો તે જ ગતિથી હાથ ધર્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં ફલસ્ટર બનાવી સેવા સેતુના કામો હાથ ધરાવનું નકકી કર્યું છે. આજે રાજયના મહાનગરોમાં આ સેવાસેતુનું આયોજન કરાયું છે. ગામડાનો કોઇ છોકરો ગામના લોકોના સરકારી કચેરી લગતા કામો કરી આપે તો આપણે તેને આશીર્વાદ આપીએ છીએ આ કામ મોટા સ્વરૂપમાં હવે સરકારે યોજવાનું શરૂ કર્યું છે. સરકારશ્રીના મંત્રીશ્રીઓ કે સાંસદ સભ્યો જન પ્રતિનિધિઓ સાથે મળીને સમાજને સમૃદ્ધ બનાવવાના કામો કરી રહયા છે. નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતમાં તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમ્યાન ગરીબ કલ્યાણ મેળા શરૂ કરી, તે સ્વતંત્ર ભારત ઈતિહાસમાં પ્રથમ વખત બન્યું છે. અગાઉ કોઇએ આવો વિચારસુદ્ધા કર્યો નથી.



## રાજકોટ મહાનગરપાલિકાના ‘‘સેવા સેતુ’’ કાર્યક્રમમાં ૮૪૭ અરજીઓનો સ્થળ પર જ નિકાલ કરાયો

**જરૂરીયાતમંદ અરજદારોના ચહેરા પર તંત્ર દ્વારા વાસ્તવમાં લોકોની સેવા થયાનો અહેસાસ, તંત્રની સંવેદનશીલતાની અનુભૂતિ, કાર્ય ઝડપથી પૂર્ણ થયાનો સંતોષ અને ખુશી જોવા મળ્યાઃ તંત્રની સખત જહેમત ફળી.**

આ પ્રસંગે અધ્યક્ષ સ્થાનેથી બોલતા મેયરશ્રી ડૉ. જૈમન ઉપાધ્યાયે જણાવેલ કે, રાજકોટ મહાનગરપાલિકા ની સેવાઓ કે, રાજય સરકારની જુદી જુદી સેવાઓ માટે લોકોને સરકારી કચેરીઓના ધકકા ન ખાવા પડે તે માટે લગભગ ૨૩ જેટલી સેવાઓ આપવા અમો તમારા દ્વાર આવ્યા છીએ કોઇપણ અરજદારને કોઇ પ્રકારની મુશ્કેલી ન પડે તેવી પુરતી વ્યવસ્થા કરવામાં આવી છે. જન્મનો દાખલો હોઇ, આધારકાર્ડ કઢાવવાનું હોઇ કે વિધવા સહાય મેળવવાની હોઇ, આ બધુ સરળતાથી થાય લોકોને ધકકા ન ખાવા પડે તે માટે શહેરના ૧૮ વોર્ડમાં સેવાસેતુ કેમ્પ યોજવાનું નકકી કરાયું છે. તે પૈકી પ્રથમ કેમ્પ આજે વોર્ડ નં. ૫માં યોજાયો છે. અને જરૂર પડયે વિશેષ કેમ્પ પણ યોજવામાં આવશે.

કાર્યક્રમના પ્રારંભે સ્વાગત પ્રવચન સ્ટે. કમિટી ચેરમેન પુષ્કરભાઇ પટેલે કરેલ હતું જયારે પુષ્પ ગુચ્છ અને પુસ્તકથી સ્વાગત વોર્ડ નં. ૫ના ભાજપ પ્રમુખ દિલીપભાઇ લુણાગરીયા તથા મહામંત્રી પ્રભાતભાઇ કુગસીયા તથા મુકેશભાઇ ધનસોત દ્વારા કરાયું હતું.

આભાર દર્શન મહાનગર--પાલિકાના નાયબ કમિશનર પરેશભાઇ વ્યાસ દ્વારા કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમનું સમગ્ર વ્યવ--સ્થાપન, સંકલન અને રીપોટીંગની જવાબદારી નાયબ કમિશનર પરેશભાઇ વ્યાસના માર્ગદર્શન હેઠળ સહાયક કમિશનરશ્રી વાસંતીબેન પ્રજાપતિ અને તેમની ટીમે સંભાળી હતી.

રાજકોટ મહાનગરપાલિકા, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ-૩૬૦૦૦૧. નવેમ્બર-૨૦૧૬ સ્માર્ટ રાજકોટ

# રાજકોટવાસીઓ માટે વધુ એક નજરાણું લાવશે રાજકોટ મહાનગરપાલિકા

## રેસકોર્ષ લોકમેળા મેદાનમાં શાનદાર બ્યુટિફિકેશન થશે



રેસકોર્ષ સંકુલના વિવિધ મેદાનો તથા સંકુલને બ્યુટિફિકેશન કરવાની કામગીરી તંત્ર દ્વારા તબકકાવાર હાથ ધરવામાં આવેલ છે. જે અંતર્ગત સંકુલના ખુલ્લા મેદાન કે જે લોકમેળા ગ્રાઉન્ડ તરીકે ઓળખાય છે તેને ડેવલપ કરી વધુ સુવિધાયુકત તેમજ આકર્ષક બનાવવા બ્યુટિફિકેશન કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. આ મેદાનમાં અંદાજીત ૪.૭૫ કરોડના ખર્ચે તથા ગાર્ડનિંગ, લાઈટીંગ સાથે બેઠક વ્યવસ્થા તથા મનોરંજન એરીયા વિકસાવવામાં આવશે આ ઉપરાંત લોકો માટે જોગીંગ ટ્રેક, સાયકલ ટ્રેક તથા સ્કેટીંગની સુવિધા આપવામાં આવશે. મેદાનની અંદરની પરિઘમાં અંદાજીત ૧૧૦૦ રનીંગ મીટર લંબાઈમાં ૧૨ મીટર પહોળાઇ ધરાવતા એરીયામાં એટલે કે ૧૩૨૦૦ ચો.મી. ક્ષેત્રફળમાં આધુનિક બ્યુટિફિકેશન કામ કરવામાં આવશે. મેદાનની અંદર ૨.૫ મીટર પહોળાઇ ધરાવતો સીમેન્ટ કોક્રીટ સાયકલ ટ્રેક/સ્કેટીંગ ટ્રેકની સુવિધા આપવામાં આવશે. આ કામે હાલની હયાત ગ્રીલ તથા બેઠક વ્યવસ્થા તથા મેદાનની અંદર તરફ સુરક્ષા માટે જાળી નવેસરથી બનાવવાનું આયોજન. કવિ રમેશભાઇ પારેખ રંગદર્શન ઓપર એરથીયેટરનું મરામત કામ હાથ ધરી હયાત મકાનનું આધુનિકરણ કરવામાં આવશે. પાર્કિંગની સવલતો તથા ઓપન જીમ તથા સાયકલ સેરીંગ વ્યવસ્થા રાખવામાં આવશે. અને રીક્રિકેશન ઝોનની વ્યવસ્થા કરવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ રેસકોર્ષ લોકમેળા મેદાન તરીકે ઓળખાતા મેદાનમાં બ્યુટિ ફિફીકેશન કરવાના કામનું રૂા.૪,૭૩,૦૦,૦૦૦નું ખર્ચ એસ્ટીમેટ મંજુર કરવામાં આવેલ. જેની ટેન્ડર પ્રક્રિયા દરમિયાન એલ-૧ એજન્સી તરીકે એજન્સીશ્રી સનરાઈઝડ એન્ટરપ્રાઈઝ દ્વારા ૧.૯૦% વધુ ભાવ ભરવામાં આવેલ. જે મંજુર કરવામાં આવેલ છે અને તે મુજબ આ કામનું ખર્ચ રૂા.૪,૮૨,૨૯,૨૭૦ થશે. જે ખર્ચ "SJMMSVY-UDP-78 આગવી ઓખળ" બજેટ સદરે પાડવામાં આવશે.

રાજકોટ શહેરમાં હાલ ત્રણ રેસકોર્ષ જ એક એવો વિસ્તાર છે કે જયાં મોટા પ્રમાણમાં લોકો મોર્નીંગ વોક, સાયકલીંગ વિગેરે માટે આવતાં હોય છે. આ કામ થવાથી આ ભાગમાં સીનિયર સિટીઝન સહિતના નાગરિકો આ જગ્યાનો બેસવા, ચાલવા, સાયકલીંગ વિગેરે માટે સલામત રીતે ઉપયોગ કરી શકશે અને રેસકોર્ષ રીંગ રોડ ઉપર ટ્રાફિકને સુગમતા રહેશે. તેમજ લોકમેળા મેદાનનાં તે ભાગમાં હાલ થતી ગંદકી, ગેરકાયદેસર ઝુપડા વસવાટ વિગેરે દુર થશે અને શહેરની મધ્યમાં એક મોર્ડન ટચ ધરાવતું નગનરમ્ય સ્થળ શહેરની શોભા વધારશે. આ કામ સંબંધીત મુખ્ય વિગતો નીચે મુજબ છે.

**કામની વિગત :-**

- **લોકમેળા ગ્રાઉન્ડ તરીકે ઓળખાતા મેદાનની અંદરની પેરીફરીમાં આશરે ૧૨.૦૦ મીટર પહોળાઈમાં બેઠક વ્યવસ્થા, લેન્ડ સ્કેપીંગ, સાઇકલ ટ્રેક, વોક-વે તરીકેનું ડેવલપમેન્ટ.**
- **આ ભાગમાં પાર્કીંગ વ્યવસ્થા.**
- **ડેકોરેટીવ લાઈટીંગ.**
- **રેસકોર્ષ રીંગ રોડની સંપૂર્ણ પેરીફરીમાં વર્ષો જૂની ગ્રીલ તથા દિવાલ દુર કરી બ્યુટીફીકેશનને અનુરૂપ નવી ડિઝાઈન સાથેની ગ્રીલ.**
- **આ સંપૂર્ણ કામ સિકયુરીટી, ગાર્ડનીંગ તથા નિભાવ મરામત સાથે ૨ વર્ષનું મેઈન્ટેનન્સ આ કોન્ટ્રાકટ એજન્સી દ્વારા કરવામાં આવશે.**



**રૂા.૪.૮૨ કરોડના ખર્ચે એક વર્ષમાં રેસકોર્ષ મેદાનની રૂપરેખા બદલાઈ જશે**







# શાક માર્કેટોમાં કેશ લેસ નાણાકીય વ્યવહાર શરૂ કરાવતી મહાનગરપાલિકા : કમિશનરશ્રી બંછાનિધિ પાનીની ઉપસ્થિતિમાં ખરીદીનું નિદર્શન કરાયું.



ભારત સરકારશ્રી અને કેન્દ્ર સરકારશ્રી દ્વારા વધુ ને વધુ નાગરિકો કેશ લેસ ટ્રાન્ઝેકશન તરફ વળે તેવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે અને તે અનુસંધાને જ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરની વિવિધ શાક માર્કેટમાં લોકો મોબાઇલ બેન્કિંગ અથવા તો પી.ઓ.એસ. મશિનમાં ડેબિટ કાર્ડ / ક્રેડિટ ર્કા સ્વાઇપ કરીને શાકભાજી ખરીદ કરી શકે એ માટે એક ખાસ અભિયાન હાથ ધરવામાં આવેલ છે. તા. ૩૦-૧૧-૨૦૧૬ના રોજ સાંજે જ્યુબિલી શાક માર્કેટમાં રાજકોટ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરશ્રી બંછાનિધિ પાની અને એકસીઝ બેન્કના અધિકારીઓની ઉપસ્થિતિ વચ્ચે મોબાઇલ બેન્કિંગના માધ્યમથી શાકભાજીની ખરીદી કરી હતી. આ કેશ લેસ ટ્રાન્ઝેકશનનું નિદર્શન શાક માર્કેટના વેપારીઓ, મહા-નગરપાલિકાના અધિકારીશ્રીઓ, સ્થળ પર ઉપસ્થિત જાહેર જનતા વગેરેએ નિહાળ્યું હતું. જ્યુબિલી શાક માર્કેટમાં અલગ અલગ બે વેપારીશ્રીઓ શ્રી વિમલભાઇ વી. સોલંકી અને શ્રી પારસભાઇ ભોજાણી પાસેથી ફલાવર અને બટેટાની ખરીદી કરી તેનું પેમેન્ટ મોબાઇલ બેન્કિંગના સહારે કરવામાં આવ્યું હતું.

રાજકોટ મહાનગરપાલિકાના મ્યુનિ. કમિશનર શ્રી બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું કે, શહેરની વિવિધ શાક માર્કેટના વેપારી કેશ લેસ ટ્રાન્ઝેકશન તરફ વળે તે માટે તેઓને પ્રશિક્ષિત કરી સમગ્ર પ્રક્રિયા સમજાવવા ઉપરાંત તેઓના મનમાં રહેલી મૂંઝવણ દૂર કરવા રાજકોટ મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ અને બેન્કોના અધિકારીઓ દ્વારા તેઓની સાથે સતત પરામર્શ કરવામાં આવી રહયો છે. પી.ઓ.એસ. મશિન વસાવવા અંગે વેપારીઓ જે મૂંઝવણ અનુભવી રહયા છે તે દૂર કરવાનો પણ પ્રયાસ કરવામાં આવી રહયો છે.

રાજકોટ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાનીએ વિશેષમાં એમ જણાવ્યું હતું કે, મોબાઇલ બેન્કિંગ કે પી.ઓ.એસ. મશિન પર ડેબિટ કાર્ડ/ક્રેડિટ કાર્ડ સ્વાઇપ કરીને શાકભાજી ખરીખ કરનાર નાગરિકોએ વિશે કોઇ પણ પ્રકારનો ચાર્જ ચૂકવવાનો થતો નથી.

જ્યુબિલી શાક માર્કેટ બાદ રાજકોટ મહાનગરપાલિકાના મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાની, ડેપ્યુટી કમિશનરશ્રી ચેતન નંદાણી, ચીફ એકાઉન્ટન્ટ શ્રી અમિત સવજીયાણી, આસી. મેનેજર શ્રી ભરત કાથરોટીયા તેમજ બેન્ક અધિકારીઓ પડેક રોડ પર સ્થિત ગોવિંદબાાગ શાક માર્કેટ તેમજ યુનિવર્સિટી રોડ પર પુષ્કરધામ મેઇન રોડ પર સ્થિત શાક માર્કેટની પણ મુલાકાત લીધી હતી અને ઇ-ટ્રાન્ઝેકશન દ્વારા શાકભાજીની ખરીદી કરી હતી.

દરમ્યાન રાજકોટ મહાનગર-પાલિકાના મ્યુનિ. કમિશનર શ્રી બંછાનિધિ પાનીએ બેન્ક ખાતા નહી ધરાવતા જે તે શાક માર્કેટના વેપારીઓના એકાઉન્ટ ખોલવા અધિકારીશ્રીઓને જરૂરી સૂચના આપી હતી. રાજકોટ મહાનગર-પાલિકાના મ્યુનિ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ એમ પણ જણાવ્યું હતું કે, જ્યુબિલી શાક માર્કેટમાં વાઇ-ફાઇ ઇન્ટરનેટની સુવિધા ધરાવતા વેપારીઓ પણ જોવા મળ્યા એ જોઇને ખુબ આનંદ થયો.



સ્માર્ટ રાજકોટ
રાજકોટ મહાનગરપાલિકા, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦૦૦૧. નવેમ્બર-૨૦૧૬



## રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત

# સખી મંડળના બહેનો માટે ગુજરાત માટીકામ કલાકારી બોર્ડના સહયોગથી તાલિમ કાર્યક્રમ





રાજકોટ મહાનગરપાલિકા પ્રોજેટ શાખા દ્વારા ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી ઈન્સ્ટીટ્યુટ, ગાંધીનગરના સહયોગથી રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત કાર્યરત સખી મંડળના બહેનો માટે તા. ૭-૯-૨૦૧૬ થી તા.૬-૧૦-૨૦૧૬ સુધી ૯૦ લાભાર્થીઓ માટે પેપર કપ અને પેપર બેગ મેકેજીંગ, ફોટો લેમીનેશન અને સ્કીન પ્રિન્ટીંગ તથા મડવર્કના તાલિમ વર્ગ યોજવામાં આવેલ હતા.

આ તાલિમ વર્ગની શિશુ કલ્યાણ અને ખાસ ગ્રાન્ટ સમિતિના ચેરમેન શ્રીમતી જાગૃતિબેન ઘાડીયા, ડેપ્યુટી કમિશનરશ્રી ચેતન નંદાણી દ્વારા મુલાકાત લેવામાં આવેલ હતી. આ તાલિમ વર્ગના લાભાર્થીઓની તાલિમ પૂર્ણ થયા બાદ દરેક તાલિમાર્થીઓને ગુજરાત માટીકામ કલાકારી બોર્ડના ડેપ્યુટી પ્રોજેક્ટ મેનેજરશ્રી બી. એસ. પટેલ તેમજ શ્રી અરવિંદભાઈ ભટ્ટ દ્વારા. રૂા.૧૨૦૦નું સ્ટાઈપેન્ડ ચેક તથા પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવેલ હતા. આ તકે શિશુ કલ્યાણ અને ખાસ ગ્રાન્ટ સમિતિના ચેરમેનશ્રી જાગૃતિબેન ઘાડીયાએ માટીકામ કલાકારી બોર્ડને તથા પ્રોજેક્ટ શાખાને અભિનંદન પાઠવેલ હતા તથા તમામ તાલિમાર્થી બહેનોને આર્થિક ઉપાર્જન કરી સ્વરોજગારી મેળવવા માટે પ્રયત્નો કરવા જણાવેલ હતું. દરેક તાલિમાર્થીઓને આપવામાં આવેલ પ્રમાણપત્રના આધારે જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર આર્ટીઝન કાર્ડ આપવામાં આવશે. જેના આધારે બહેનો દ્વારા તૈયા કરેલ કલાકૃતિઓના વેચાણ માટે સરકારશ્રી દ્વારા યોજાતા ટ્રેડ ફેરમાં વિના મૂલ્યે સ્ટોલ મેળવવામાં મદદરૂપ થશે. તાલિમ પામેલ તાલિમાર્થીઓને નિયમાનુસાર જીલ્લા ઉદ્યોગ કેન્દ્રની ‘‘માનવ ગરિમા યોજના’’ હેઠળ કીટ પણ આપવામાં આવશે. માટીકામના તાલિમાર્થી બહેનો દ્વારા તાલિમ પૂર્ણ થયા બાદ ઠક્કરબાપા છાત્રાલય ખાતે માટીકામના નમૂનાનું પ્રદર્શન પણ ગોઠવવામાં આવેલ હતું.

આ તાલિમ વર્ગની મુલાકાતે ડેપ્યુટી કમિશનરશ્રી સી. કે. નંદાણી દ્વારા બહેનોને સ્વર્નિભર બનાવવા માટે વધુને વધુ



તાલિમ કાર્યક્રમો યોજવા તથા બહેનો દ્વારા તૈયાર થયેલ કૃતિઓના માર્કેટીંગની પણ વ્યવસ્થા કરવા જણાવેલ હતું.

આ સમગ્ર તાલિમ કાર્યક્રમને સફળ બનાવવા માટે ડેપ્યુટી કમિશનરશ્રી સી. કે. નંદાણી, આસિસ્ટન્ટ કમિશનરશ્રી એચ. આર. પટેલ, તથા શિશુ કલ્યાણ અને ખાસ ગ્રાંટ સમિતિ ચેરમેન શ્રીમતી જાગૃતિબેન ઘાડીયાના માર્ગદર્શન હેઠળ આસિસ્ટન્ટ મેનેજર શ્રી કાશ્મિરા ડી. વાઢેર, કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર શ્રી આર. એ. મુનિયા, શ્રીમતી એન. આર. કાથડ, મેનેજરશ્રી ચેતન ચાવડા, સમાજ સંગઠક શ્રી કલ્પેશ ગૌરી, પરાગ જાવીયા, અતુલ વાઘેલાએ જહેમત ઉઠાવી હતી.